# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2026 EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) ભારતે ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજ GFS ગેલેક્સી પર થયેલા હુમલાની ટીકા કરી.

2) અમેરિકાએ આજે સવારે ઈરાન પર નવા હવાઈ હુમલા શરૂ કર્યા.

3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં સામૂહિક વૃક્ષારોપણ- એક જ દિવસમાં સવા કરોડ છોડનું વાવેતર કરાયું.

4) અમેરિકા, બ્રિટન અને બાર અન્ય પશ્ચિમી અને એશિયન દેશોએ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના વ્યાપક દાવાઓને ગેરકાયદેસર જાહેર કર્યા.

5) લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે રમાય રહેલી એકમાત્ર મહિલા ટેસ્ટ મેચમાં, ભારતે બીજા દાવમાં 341 રને 7 વિકેટ ગુમાવી.

.......................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA - ATTACK ON SHIP OFF OMAN

ભારતે આજે ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજ GFS ગેલેક્સી પર થયેલા હુમલાની સખત ટીકા કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જહાજ પર સવાર 11 ભારતીયોમાંથી 10 ને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક ભારતીય ગુમ છે. ઓમાનમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. રાહત અને બચાવ કામગીરીમાં ઓમાનના અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છે. ભારતે આ સહાય માટે ઓમાન સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે આ ક્ષેત્રમાં વાણિજ્યિક જહાજો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનું બંધ કરવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર અવરોધ વિનાનું નેવિગેશન અને વેપાર શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત કરવો જોઈએ.

# US-IRAN CONFLICT

અમેરિકાએ આજે સવારે ઈરાન પર નવા હવાઈ હુમલા શરૂ કર્યા. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં એક વાણિજ્યિક જહાજ પર હુમલો કર્યા પછી આ હુમલા કરવામાં આવ્યા હતા. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે અહેવાલ આપ્યો હતો કે આ હુમલામાં આશરે 140 ઈરાની લશ્કરી થાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. બદલામાં, ઈરાને બહેરીન, કુવૈત, કતાર અને સંયુક્ત આરબ અમીરાતને નિશાન બનાવતા હુમલા કર્યા હતા. દરમિયાન, ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડે આગામી સૂચના સુધી હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાનો આદેશ આપતા છે. ચેતવણી આપી છે કે જો અમેરિકન હુમલા ચાલુ રહેશે તો બદલો લેવા માટે ઈરાન તૈયાર છે.

# UP LAUNCHES GREEN DRIVE

આજે દેશભરમાં એક વિશાળ વૃક્ષારોપણ અભિયાન ચાલી રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં, રાજ્ય સરકારે વિશાળ વૃક્ષારોપણ અભિયાનના ભાગ રૂપે 35 કરોડ વૃક્ષો વાવવાનું લક્ષ્ય રાખ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરથી રાજ્યવ્યાપી વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરવા અને પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષારોપણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નવી દિલ્હીમાં વૃક્ષ મિત્ર અને પર્યાવરણ સંરક્ષણ સંકલ્પ કાર્યક્રમમાં બોલતા, ચૌહાણે કહ્યું કે સમગ્ર વિશ્વ આબોહવા પરિવર્તન અને વધતા વૈશ્વિક તાપમાન અંગે ચિંતિત છે.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આજે ગુજરાતના ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એક જ દિવસમાં અંદાજે સવા કરોડ વૃક્ષોનું વાવેતર કરાયું. આ પ્રસંગે તેમણે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વર્ષ-2029 સુધીમાં હરિત આવરણ 20 ટકા સુધી પહોંચાડવાની નેમ વ્યકત કરી.

(BYTE: AMIT SHAH - 1.25 CR)

શ્રી શાહે આજે અમદાવાદ મહાનગરપાલિકાના 405 કરોડ રૂપિયા વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું. કાર્બન ઉત્સર્જન વિશે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે તેમણે દરેક નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી.

(BYTE: AMIT SHAH – ROOF TOP)

અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ 101 ઑક્સિજન પાર્ક તથા 155 એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ પણ કરાયું.

આ ઉપરાંત, શ્રી શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર તેમજ સમગ્ર ગાંધીનગર લોકસભા વિસ્તારને ‘હરિયાળી લોકસભા’ બનાવવાના ઉદ્દેશથી ITC India Ltd., વિશ્વનાથ રીઅલ્ટર્સ, એસોસિએશન ઑફ ઓટોમોબાઈલ ડીલર્સ અને શિતલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઇફકો, GUDA સાથે શહેરમાં વૃક્ષારોપણ અને સતત ત્રણ વર્ષ સુધી તેના જતન માટેના સમજૂતી કરાર કરાયા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# INDIA-NZ FTA MILESTONE

ભારતીય જનતા પાર્ટીએ જણાવ્યું છે કે ભારત હિંદ મહાસાગર અને હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં એક મજબૂત અને વિશ્વસનીય શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. નવી દિલ્હીમાં પક્ષના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની તાજેતરની મુલાકાતો એ ભારતના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે.

(BYTE: SAMBIT PATRA)

# SOUTH CHINA SEA - ISSUE

2016ના મધ્યસ્થી ચુકાદાના આધારે, અમેરિકા, બ્રિટન અને બાર અન્ય પશ્ચિમી અને એશિયન દેશોએ આજે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના વ્યાપક દાવાઓને ગેરકાયદેસર જાહેર કર્યા. આ 14 દેશો દ્વારા જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેઓ વિવાદિત પાણીમાં પ્રાદેશિક સ્થિરતાને જોખમમાં મૂકતી "અસ્થિર" ક્રિયાઓને નકારે છે. દરમિયાન, 27 દેશોના યુરોપિયન સંઘે એક અલગ નિવેદન જાહેર કરીને આ નિર્ણયને "વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણમાં એક સીમાચિહ્નરૂપ નિર્ણય" ગણાવ્યો છે.

# DELHI - DEMISE OF S. JANAKI

પ્રમુખ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ એસ. જાનકીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશે એક મહાન ગાયિકા ગુમાવી છે. જાનકી અમ્માની ગાયકીએ પેઢીઓને મંત્રમુગ્ધ કરી દીધી છે. જાનકી અમ્માની છ દાયકાથી વધુની શાનદાર કારકિર્દી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એસ. જાનકીને શ્રેષ્ઠ મહિલા પાર્શ્વ ગાયિકા માટે ચાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો મળ્યા. 1988 માં, તેમને તમિલ ફિલ્મ "16 વયાથિનિલે" ના "સેન્થુરા પૂવે" ગીત માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. તેમને 33 રાજ્ય ફિલ્મ પુરસ્કારો પણ મળ્યા. 2013માં, ભારત સરકારે તેમને પદ્મ ભૂષણથી સન્માનિત કરવાની જાહેરાત કરી.

# UKRAINE-RUSSIA ATTACK

રશિયાના દક્ષિણ પશ્ચિમ ક્ષેત્રમાં યુક્રેનિયન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે અને ત્રણ અન્ય ઘાયલ થયા છે. રશિયાના સમારા ક્ષેત્રના ગવર્નર ફેડોરિશ્ચેવે જણાવ્યું હતું કે હુમલામાં ઇમારતો તેમજ એક અજાણ્યા ઔદ્યોગિક સંકુલને નુકસાન થયું છે. દરમિયાન, રશિયાના સંરક્ષણ મંત્રાલયે આજે કહ્યું હતું કે તેણે ઓડેસા અને ચોર્નોમોર્સ્કના યુક્રેનિયન બંદરો પર હુમલો કર્યો હતો. યુક્રેનિયન અધિકારીઓએ હજુ સુધી આ દાવાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી.

# WOMEN'S CRICKET TEST

લંડનના લોર્ડ્સ ખાતે યજમાન ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે રમાયેલી એકમાત્ર મહિલા ટેસ્ટ મેચમાં, ભારતે ત્રીજા દિવસે છેલ્લા મળેલા અહેવાલ મુજબ તેમના બીજા દાવમાં 341 રને 07 વિકેટ ગુમાવી હતી. ગઈકાલે ઈંગ્લેન્ડ તેના પ્રથમ દાવમાં 170 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

# BANGLADESH FLOODS

પાછલા અઠવાડિયામાં બાંગ્લાદેશમાં પૂર અને ભૂસ્ખલનને કારણે 44 લોકોના મોત થયા છે. બાંગ્લાદેશના આપત્તિ વ્યવસ્થાપન મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પૂરથી આશરે 2 લાખ 67 હજાર પરિવારો પ્રભાવિત થયા છે. રાતોરાત ભારે વરસાદથી રાજધાની ઢાકાના કેટલાક ભાગો ડૂબી ગયા છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. સેના, નૌકાદળ અને વાયુસેના સ્થાનિક એજન્સીઓ સાથે મળીને અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત કામગીરી હાથ ધરી રહ્યા છે.

# VICE PRESIDENT - MANNATH PADMANABHAN

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે કહ્યું કે દેશના સમાજ સુધારકોના મહાન વારસાનું સન્માન કરવું અને તેનું જતન કરવું એ દરેક નાગરિકની ફરજ છે. શ્રી રાધાકૃષ્ણને નવી દિલ્હીના દ્વારકામાં મન્નમ આંતરરાષ્ટ્રીય સેન્ટર ખાતે સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની મન્નાથ પદ્મનાભનની પ્રતિમાનું અનાવરણ અને 'મન્નમ સ્મૃતિ મંડપમ'નું ઉદ્ઘાટન કરતી વખતે આ વાત કરી હતી. સભાને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ મન્નાથ પદ્મનાભનની સામાજિક ન્યાય, સમાનતા, શિક્ષણ અને સમુદાય સેવા પ્રત્યેની આજીવન પ્રતિબદ્ધતાની નોંધ લીધી.

આ પ્રસંગે, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને 'માતાના નામે એક વૃક્ષ' અભિયાન હેઠળ એક છોડ પણ વાવ્યો.